# મનરેગામાં શ્રમિકોનું વેતન વધારી 300 કરવા રજૂઆત

**ધારાસભ્ય** અનંત પટેલે શ્રમિકોની મુલાકાત લઈ સમસ્યા જાણી




વાંસદાઃ વાંસદા તાલુકાના ‘મનરેગા’ના શ્રમિકોની વેદના અને સમસ્યા જાણવા તેમના કામના સ્થળે વાંસદા-ચીખલીના ધારાસભ્ય અનંત પટેલે સરપંચ મનીષ પટેલ સાથે રૂબરૂ મુલાકાત કરી સમસ્યાઓ સમજવાનો પ્રયાસ કર્યો હતો. વાંસદા તાલુકાના ઉનાઈ ગામે કોષખાડી પાસે ડિસેલ્ટીગના કામકરી રહેલા ‘મનરેગા’ના શ્રમિકો સાથે બેસી તેઓની સમસ્યા સાંભળી તેઓના જણાવ્યા મુજબ, શ્રમિકોનું રોજ રૂ. ૨૮૮ છે, જે દર વર્ષે સરકાર તરફથી વધારવામાં આવે છે પણ ચાલુ વર્ષે એમાં વધારો કરવામાં આવ્યો નથી. જે તત્કાલિક વધારીને રૂ. ૩૦૦ કરવામાં આવે. ‘મનરેગા’ના શ્રમિકો કામ કરવા માંગે છે પરંતુ, તેઓને કોઠારાના કામો, મેટલ, માટીના રસ્તાના કામો, ધોવાણ દિવાલના કામો, જમીન સમતળના કામો, કાચી વરસાદી પાણીની ગટરના કામો આપવામાં આવતા નથી.

ધારાસભ્ય અનંત પટેલે જણાવ્યું હતું કે, કોઈપણ ભોગે શ્રમિકોનું આર્થિક શોષણ થવા દેશું નહિ, શ્રમિકોની રોજગારી રૂ. ૨૮૮ માંથી રૂ. ૩૦૦ જેટલી કરવા માટે કરકારમાં રજૂઆત કરીશું અને મનરેગામાં કામ કરનાર અન્ય લોકોના પગાર તત્કાલિક કરવા માટે પણ રજૂઆત કરીશું. આ પ્રસંગે ઉનાઈ ગામના સરપંચ મનીષ પટેલ, સુનિતા ગામીત, નરેશ પટેલ, મનોજ પટેલ હાજર રહ્યા હતા.

# તિથલ દરિયાનું રૌદ્ર સ્વરૂપ પ્રવાસીઓની જોખમી મસ્તી

**તિથલ** દરિયાકિનારે સુરક્ષા સાધનોનો ઘોર અભાવ, ભૂતકાળમાં દરિયામાં ખેંચાઈ જવાની ઘટાઓ બની છે

વલસાડઃ દેશમાં ચોમાસાનું આગમન થઈ રહ્યું છે ત્યારે વલસાડના પ્રખ્યાત પ્રવાસી મથક એવા તિથલ બીચ પર અરબી સમુદ્રમાં ભારે કરંટ જોવા મળી રહ્યો છે. ચોમાસા અગાઉ જ તિથલનો દરિયો જોરદાર તોફાને ચઢ્યો છે, જેમાં સમુદ્રના તોફાની મોજાઓ હવામાં ઊંચે સુધી ઉછળી રહ્યા છે.

દરિયાનું આ રૌદ્ર અને આકર્ષક સ્વરૂપ જોવા માટે મોટી સંખ્યામાં લોકો અને પ્રવાસીઓ તિથલ બીચ પર ઉમટી પડ્યા છે અને મોજાઓની મજા માણી રહ્યા છે.

જોકે, આ આનંદની વચ્ચે મોટું જોખમ પણ તોળાઈ રહ્યું છે. દરિયામાં ઉછળતા આવા પ્રચંડ મોજાઓ વચ્ચે પાણીમાં ઉતરવું અત્યંત જોખમી સાબિત થઈ શકે છે અને આવા સમયે દરિયાના જોરદાર પ્રવાહમાં તણાઈ જવાનો ભારે ભય રહેલો છે.

છેલ્લા બે દિવસથી તિથલ દરિયાકિનારે પ્રવાસીઓના જોખમી વિડીયો સામે આવી રહ્યા છે. જેમાં મોજામાં પ્રવાસીઓ ખેંચાઈ જતાં જોવા મળી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, ભૂતકાળમાં પણ તિથલના દરિયામાં ડૂબી જવાની અને પ્રવાસીઓ તણાઈ જવાની અનેક ગંભીર ઘટનાઓ બની ચૂકી છે, તેમ છતાં લોકો હજુ પણ બેદરકાર જોવા મળી રહ્યા છે.

આટલી ગંભીર સ્થિતિ હોવા છતાં તિથલ બીચ પર સુરક્ષાના સાધનોનો ઘોર અભાવ જોવા મળી રહ્યો છે. કટોકટીના સમયે બચાવ કામગીરી માટે જરૂરી એવા સામાન્ય દોરડા સુધ્ધાં પણ બીચ પર ઉપલબ્ધ નથી. વહીવટી તંત્રની આ ઘોર બેદરકારી વચ્ચે જ્યારે પણ કોઈ દુર્ઘટના બને છે, ત્યારે તંત્રના માણસો પહોંચે તે પહેલાં સ્થાનિક માછીમારો અને રહીશો જ પ્રવાસીઓનો જીવ બચાવવા માટે મદદે દોડી આવે છે.

ચોમાસાની ઋતુને ધ્યાનમાં રાખીને કોઈ મોટી જાનહાનિ ન થાય તે માટે તિથલ બીચ પર સુરક્ષા માટે વ્યવસ્થિત અને ચુસ્ત તંત્ર ગોઠવવામાં આવે તે અત્યંત જરૂરી બન્યું છે.

## સંક્ષિપ્ત સમાચાર

### કપરાડાના દીક્ષલ, વેરી ભવાડા તથા ઉમરગામના ડહેલીમાં નવી શાળાને મંજૂરી



વલસાડઃ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020 આધારિત સ્ટેટ કરિક્યુલમ ફ્રેમવર્ક (SCF) તથા સ્કૂલ ક્વોલિટી એસેસમેન્ટ એન્ડ એશ્યોરન્સ ફ્રેમવર્ક (SQAAF)નું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ ગૌરવપૂર્ણ પ્રસંગે વલસાડ જિલ્લાના શૈક્ષણિક વિકાસને નવી દિશા આપતા ચાલુ વર્ષ મંજૂર થયેલી 3 નવી સરકારી માધ્યમિક શાળાઓના મંજૂરીપત્રો જિલ્લા શિક્ષણ અધિકારીને આપવામાં આવ્યા હતા. કપરાડા તાલુકામાં 2 અને ઉમરગામ તાલુકામાં 1 મળી 3 નવી માધ્યમિક શાળાઓને મંજૂરી મળી છે. નવી સરકારી માધ્યમિક શાળાઓના મંજૂરીપત્રો મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે વલસાડ જિલ્લા શિક્ષણાધિકારી ડો. રાજેશ્રી એલ. ટંડેલને અર્પણ કરવામાં આવ્યાં હતાં.

### વાપી કેબીએસ એન્ડ નટરાજ કોલેજનું રસાયણશાસ્ત્ર સેમ.૨ નું પરિણામ જાહેર



વાપીઃ વાપીના ચણોદ કોલોની સ્થિત કેશવજી ભારમલ સુમરિયા એન્ડ નટરાજ પ્રોફેશનલ સાયન્સીસ કોલેજમાં બી.કોમ., બી.એસસી., બી.સી.એ., બી.બી.એ., એમ.કોમ., એમ.એસસી. જેવા વિવિધ અભ્યાસક્રમો ચાલે છે. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનીવર્સિટી દ્વારા માર્ચ/ અપ્રિલ ૨૦૨૬માં લેવાયેલ બી.એસસી. સેમ.૨ રસાયણશાસ્ત્ર પરીક્ષાનાં પરિણામ જાહેર થતા કોલેજના વિદ્યાર્થીઓ બી.એસસી. સેમ.૨માં ૮.૦૫ SG દુબે વિશાલ પ્રથમ સ્થાન તથા ૭.૮૬ SGPA સાથે સિંહા મનીષ તેમજ ૭.૭૭ SGPA સાથે યાદવ અંશુએ તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. કોલેજના આચાર્યા ડો.પૂનમ બી.ચૌહાણ તેમજ મેનેજમેન્ટ, સ્ટાફ અને વિદ્યાર્થીઓ સિદ્ધિ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને સફળતા અભિનંદન પાઠવ્યા હતા.

### વલસાડ સ્ટેશનના પાર્કિંગમાંથી ધારદાર છરા સાથે રિક્ષાચાલક ઝડપાયો

વલસાડઃ વલસાડ રેલવે પોલીસે પેટ્રોલિંગ દરમિયાન સ્ટેશન પાર્કિંગમાં ધારદાર છરા સાથે ઊભેલા સુલતાન ઈકબાલ ભુરીયા (ઉં.વ.૪૧, રિક્ષાચાલક, રહે., ભોલેશાહ પીરની દરગાહ સામે, કલ્યાણ બાગ, વલસાડ)ને ઝડપી પાડ્યો હતો. છરાની લંબાઈ આશરે ૨૧ સેન્ટીમીટર અને પહોળાઈ અઢી સેન્ટીમીટર જેટલી હતી. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### ધરમપુરમાં યુવતીએ ગળે ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

ધરમપુરઃ ધરમપુર શહેરના બજાર ફળિયા વિસ્તારમાં રહેતી 30 વર્ષીય પરિણીતાએ ભાડાના મકાનમાં ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. પોલીસમાંથી પ્રાપ્ત વિગતો મુજબ, કિંજલબેન પરીમલભાઈ પટેલ (ઉં.વ.30, મૂળ રહે., ડુંગરી, વૃંદાવન સોસાયટી, વલસાડ) ધરમપુરના બજાર ફળિયામાં કિરીટભાઈ રમણલાલ ભટ્ટના મકાનમાં ભાડે રહેતા હતાં. તેમના પ્રેમલગ્ન થયા હતા, પરંતુ હાલ તેઓ ધરમપુરમાં એકલવાયું જીવન જીવતા હતાં. તા. 17 જૂન, 2026ના રોજ બપોરના સમયે ઘરના પંખા સાથે કોટનની ઓઢણી વડે ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. આ બનાવ અંગે રાહુલભાઈ રાજેશભાઈ પટેલ (રહે. ડુંગરી, વૃંદાવન સોસાયટી, તા. જી. વલસાડ)ની ફરિયાદના આધારે ધરમપુર પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### વાપીની કંપનીમાં સિક્યુરીટીએ ઉધાર પૈસા લઈ નહીં આપતા બે કામદારોએ ફટકાર્યો

વાપીઃ વાપી ઉદ્યોગનગર પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત અનુસાર, મૂળ ઉત્તર-પશ્ચિમી દિલ્લી અને હાલ વાપી નજીકના છીરી, ગુલાબનગર સ્થિત ચાલીમાં રહેતા રફીક અબ્દુલ રહેમાન (ઉં.35) સિક્યુરીટી ગાર્ડની નોકરી કરે છે. બુધવારે રાત્રે સવા આઠેક વાગ્યે વાપી જીઆઈડીસી થર્ડ ફેઈઝ સ્થિત જય બાલાજી પેકર્સ કંપનીના ગેટ પાસે પહોંચ્યો ત્યારે કંપનીમાં હેલ્પરની નોકરી કરતો રાકેશ રાજેન્દ્ર પાંડે મળ્યો હતો અને તેણે બે મહિના અગાઉ રૂ.2500 આપેલા હતા તેની માંગણી કરતો હતો. જેથી તેને થોડા દિવસમાં પાછા આપી દેવાનું કહ્યું હતું. રાકેશની સાથે આવેલ તેનો મિત્ર સુબલ કિસ્ટુ શાહે પણ ઝઘડો કર્યો હતો અને ઢીક્કામુક્કીનો માર માર્યો હતો. આ બનાવ અંગેની રફીકે વાપી ઉદ્યોગનગર પોલીસ મથકમાં ફરિયાદ કરી હતી.

### ઉમરગામના મરોલીમાં પાર્ક કાર હટાવવા બાબતે દંપતીને માર મરાયો

ઉમરગામઃ મૂળ મરોલી કોળીવાડ ગમરાવ ફળિયાના અને હાલ મુંબઈ રહેતા ઈલ્પાબેન ગણેશભાઈ પટેલ છેલ્લા વતન મરોલી આવ્યા છે. મંગળવારે સાંજે તેઓએ ગામના રોનિતભાઈ પટેલે ફરિયાદીની કારને ટોઈંગ કરી હટાવવા કરવાનો પ્રયાસ કર્યો હતો. જે બાબતે દંપતીએ કાર હટાવવાની ના પાડતા રોનિત ઉશ્કેરાઈ ગયો હતો અને ઝઘડો કરી ફરીયાદીને જોરથી ધક્કો મારી નીચે પાડી દેતાં માથાના પાછળના ભાગે, હાથ અને પગમાં ઈજાઓ કરી હતી. જે બાદ તેમના પતિને પણ ઢીંકમુક્કીનો માર મારી જાનથી મારી નાખીવાની ધમકી આપી હતી. આ બનાવ અંગે ઉમરગામ મરીન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી હોવાનુ જાણવા મળ્યું છે.

### વાપીમાં સરકારની અનેક યોજના માટે 300 લાભાર્થીઓને માર્ગદર્શન અપાયું

વાપીઃ વાપી મહાનગરપાલિકા દ્વારા ચલા ઝોન ઓફિસમાં કમિશનર એન.એફ. ચૌધરી, મેયર દક્ષાબેન પટેલ, ડેપ્યુટી મેયર મિતેશભાઈ દેસાઈ, સ્ટેન્ડિંગ સમિતિના અધ્યક્ષ સતીષભાઈ પટેલ વગેરેની પ્રેરક ઉપસ્થિતિમાં યુસીડી શાખા દ્વારા ત્રણ દિવસના જન કલ્યાણ શિબિરનો બુધવારે પ્રારંભ કરાવવામાં આવ્યો હતો. રાજ્યની પ્રજા સુધી સરકારની જનકલ્યાણકારી યોજનાઓની માહિતી બહોળા પ્રમાણમાં પહોંચે તથા આ યોજનાઓનો મહત્તમ લાભ પ્રજાજનોને મળે તેમજ વિકસિત ભારત ૨૦૪૭ના લક્ષ્યને સિદ્ધ કરવા માટે વિકસિત ૧૫ જેટલી યોજનાઓ માટે આ શિબિરમાં ૩૦૦ જેટલા લાભાર્થીઓને માર્ગદર્શન આપી અરજી સહાય અને દસ્તાવેજ ચકાસણી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં ઉપસ્થિત આગેવાનના હસ્તે પીએમ સ્વનિધિના લાભાર્થીઓને મંજૂરી પત્ર આપવામાં આવ્યા હતા. તેમજ લાભાર્થીઓના નવી અરજીઓનાં ફોર્મ ભરવામાં આવ્યા હતાં. આ કાર્યક્રમનું આયોજન નાયબ કમિશનર કિરણસિંહ રણાના માર્ગદર્શન હેઠળ થયું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રોજેક્ટ ઓફિસર રાકેશ ઠક્કર, સમાજ સંગઠક વીણા કહાર તથા સિટી મેનેજર કૃતિકા ચૌહાણ દ્વારા કરવામાં આવ્યું હતું.

# રૂ. 40 હજારની લાંચ લેતાં ચીખલીનો તલાટી ઝડપાયો

**વચેટિયા** મારફતે લાંચ સ્વીકારી, બન્ને આરોપીઓ એસીબીના સકંજામાં



નવસારીઃ નવસારી જિલ્લાના ચીખલી તાલુકામાં લાંચ રૂશ્વત વિરોધી બ્યુરોએ વધુ એક સફળ ટ્રેપ પાર પાડી તલાવ ચોરા ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી કમલેશ ધરમશીભાઈ દેસાઈ અને તેમના વચેટિયા ગોકુળ બુધાભાઈ પટેલને રૂ.40 હજારની લાંચ લેતા રંગેહાથ ઝડપી પાડ્યા છે.

ફરિયાદીએ પોતાની જમીનમાંથી માટી કાઢી અન્ય જગ્યાએ લઈ જવા માટે જરૂરી NOC, નકશો અને પેઢીનામું મેળવવા અરજી કરી હતી. આ કામ કરી આપવા બદલ તલાટીએ રૂ.40 હજારની લાંચની માંગણી કરી હતી. ફરિયાદી લાંચ આપવા માંગતા ન હોવાથી તેમણે સીધો લાંચ રુશઅવત વિરોધી દળનો સંપર્ક કર્યો હતો.

ફરિયાદના આધારે એસીબીની ટીમે ચીખલીમાં છટકું ગોઠવ્યું હતું. દરમિયાન તલાટીની સૂચન મુજબ ગોકુળ પટેલે ફરિયાદી પાસેથી રૂ.40 હજારની લાંચ સ્વીકારી હતી.

રકમ હાથમાં લેતા જ ACBની ટીમે બંને આરોપીઓને રંગેહાથ ઝડપી લીધા હતા. લાંચની સંપૂર્ણ રકમ પણ કબજે લેવામાં આવી છે.

# એક દેશી ગાય દ્વારા ખેડૂત ૧૦ એકર જમીનમાં પ્રાકૃતિક ખેતી કરી શકે

**પારડીમાં** નાણાં મંત્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાને પ્રાકૃતિક કૃષિ કાર્યશાળા યોજાઈ




પારડીઃ વલસાડ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પારડીના મોરારજી દેસાઈ ઓડિટોરિયમમાં ‘‘પ્રાકૃતિક કૃષિ કાર્યશાળા’’ યોજાઈ હતી.

આ પ્રસંગે કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું કે, રાસાયણિક ખાતરના વપરાશને કારણે જમીન બંજર બની રહી છે, પાણી જમીનમાં નીચે ઊતરતું નથી. અળસિયા જોવા મળતા નથી. ત્યારે એક દેશી ગાય દ્વારા ખેડૂત ૧૦ એકર જમીનમાં પ્રાકૃતિક ખેતી કરી શકે છે. પ્રાકૃતિક ખેતી એ સમયની માંગ છે. વલસાડ-ડાંગના સાંસદ અને લોકસભાના દંડક ધવલભાઈ પટેલે વધુમાં વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળે એ જરૂરી હોવાનું જણાવ્યું હતું. વલસાડ ધારાસભ્ય ભરતભાઈ પટેલ, ધરમપુર ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ, કપરાડા ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીએ પ્રાકૃતિક ખેતી માટે જાગૃત થવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે પારડી પાલિકા પ્રમુખ ચેતન નાયકા, પારડી તાલુકા પંચાયત પ્રમુખ કિન્નરીબેન પટેલ, જિલ્લા સંગઠન પ્રમુખ હેમંતભાઈ કંસારા અને જિલ્લા સંગઠન મહામંત્રી કમલેશ પટેલ તેમજ જિલ્લાના પ્રગતિશીલ ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતાં.

## વાપી કોર્ટે દુષ્કર્મના આરોપીની જામીન અરજી ફગાવી

વલસાડઃ ભીલાડ પોલીસ દ્વારા 16 વર્ષીય કિશોરીનું અપહરણ કરી તેની સાથે દુષ્કર્મ કરનાર આરોપી પુષ્પરાજ છોટેલાલ સિંગની પોક્સો એક્ટ અને અન્ય સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધ્યા બાદ ધરપકડ કરવામાં આવી હતી. ત્યારબાદ આરોપીએ કોર્ટ સમક્ષ જામીન મેળવવા અરજી કરી હતી. જામીન અરજીની સુનાવણી દરમિયાન સરકારી પક્ષ તરફથી ડી.જી.પી. અનિલ ત્રિપાઠીએ ગંભીર દલીલો રજૂ કરી હતી. તેમણે ગુનાની ગંભીરતા, પીડિતાની નાબાલિગ વય તેમજ કેસના સંજોગોને ધ્યાનમાં લઈ આરોપીને જામીન ન આપવાની રજૂઆત કરી હતી. બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ વાપી પોક્સો એક્ટ હેઠળના સ્પેશિયલ કોર્ટના જજ ડૉ. એચ. એન. વકીલે સરકારી પક્ષની દલીલોને ગ્રાહ્ય રાખી આરોપીની જામીન અરજી ફગાવી દીધી હતી.

## પાનસમાં BSNL ટાવરની 6.44 લાખની 7 બેટરીની ચોરી

વલસાડઃ નાનાપોંઢા તાલુકાના પાનસમાં BSNL ટાવરના વાયરો સાથે જોડાયેલી 7 બેટરી કિંમત રૂ.6.44 લાખના વાયરો કાપી ચોરી થયાની ફરિયાદ નાનાપોંઢા પોલીસમાં નોંધાઈ છે. હાર્દિક સીતારામ બાત્રી (રહે., પેંઢાર દેવી, કપરાડા ઉપલા ફળિયા) BSNL કંપનીમાં ટેક્નિશિયન તરીકે ફરજ બજાવે છે. દરમિયાન ગત 13 જૂને પાનસમાં ટાવરના વોચમેને જણાવ્યું કે, પાનસમાં સંદીપ નાનુ બિરારીના ઘર નજીક આવેલા ટાવરની બેટરીઓ ચોરાઈ છે. જે અંગે સ્થળ ઉપર જઈ તપાસ કરતા ટાવરના વાયરો સાથેની 8 બેટરી જે કબાટમાં હતી તેનું તાળું તોડી 7 બેટરી કુલ કિંમત રૂ.6.44 લાખની ચોરી થઈ હોવાનું જણાયું હતું.

# ધરમપુરના મધુરી ગામમાં દીપડાના હિંસક હુમલાથી ખેડૂતને ગંભીર ઈજા

**માથા,** ખભા તેમજ બંને હાથના પંજાના ભાગે ગંભીર ઇજા પહોંચી




ધરમપુરઃ ધરમપુર તાલુકાના અંતરિયાળ મધુરી ગામમાં બપોરે દીપડાએ ૫૯ વર્ષીય ખેડૂત હરિભાઈ બનસ્યાભાઈ પવાર પર જીવલેણ હુમલો કરતાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતાં. માથા, ખભા તેમજ બંને હાથના પંજાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતાં તેમને પ્રથમ પીંડવળ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વધુ સારવાર માટે વલસાડ સિવિલ હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે.

હરિભાઈ પવાર માંડવાચી માળી વિસ્તારમાં ઢોર માટે લીલો ચારો લેવા ગયા હતા ત્યારે અચાનક દીપડાએ તેમના પર હુમલો કર્યો હતો. તેમની બૂમાબૂમ સાંભળી આસપાસના લોકો દોડી આવતા દીપડો જંગલ તરફ ભાગી ગયો હતો. ગામના પટેલ અને સામાજિક કાર્યકર રમેશભાઈ ભોયાએ પંગારબારી રેન્જના આરએફઓને જાણ કરી દીપડાને પકડવા પાંજરું મૂકવાની માંગ કરી છે.

# નવસારીનાં 2649 છાત્રો રિNEET આપવા તૈયાર

નવસારીઃ NEET-UG પેપર લીક વિવાદ બાદ 21 જૂને યોજાનારી પુનઃપરીક્ષાને લઈને નવસારી જિલ્લામાં તંત્ર દ્વારા તૈયારીઓ તેજ કરવામાં આવી છે. અગાઉ યોજાયેલી પરીક્ષામાં નવસારી કેન્દ્ર પર કુલ 2649 વિદ્યાર્થીઓ નોંધાયા હતા, જેમાંથી 2607 વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. હવે પરીક્ષા રદ થતાં તમામ નોંધાયેલા વિદ્યાર્થીઓને ફરીથી પરીક્ષા આપવાની રહેશે.

પેપર લીકના રાષ્ટ્રીય સ્તરે સર્જાયેલા વિવાદ બાદ આ વખતની પરીક્ષા પારદર્શક અને ગેરરીતિમુક્ત રહે તે માટે NTA અને જિલ્લા વહીવટી તંત્ર ખાસ સજ્જ બન્યું છે. પરીક્ષા કેન્દ્રો પર બાયોમેટ્રિક વેરિફિકેશન, ત્રિસ્તરીય ચેકિંગ અને કડક સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવશે. ઉમેદવારોને એડમિટ કાર્ડ અને માન્ય ઓળખપત્ર સિવાય અન્ય કોઈપણ સામાન અંદર લઈ જવા દેવામાં આવશે નહીં. પરીક્ષા દરમિયાન કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તેમજ ટ્રાફિક વ્યવસ્થામાં કોઈ અવરોધ ન સર્જાય તે માટે પણ ખાસ આયોજન કરવામાં આવ્યું છે. દેશભરમાં મેડિકલ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેની સૌથી મહત્વપૂર્ણ ગણાતી NEET પરીક્ષાને લઈને વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ભારે ઉત્સુકતા જોવા મળી રહી છે.

**પહેલો કેસ વલસાડ તાલુકાના વાંકલ ગામે પ્રકાશમાં આવ્યો હતો**

## આજે વિશ્વ સિકલ સેલ દિવસ

# વલસાડ જિલ્લામાં 52 હજારથી વધુ દર્દી હૈયાત

**ટ્રેઇટના** સૌથી વધુ 11150 દર્દી ધરમપુર તાલુકામાં, જિલ્લામાં 10,09570 લોકોનું સ્ક્રિનિંગ કરાયું

### સિકલ સેલ રોગનાં લક્ષણો

શરીર ફીક્કું પડી જવું, વારંવાર કમળો થવો, બરોળ મોટી થવી, પેટમાં દુખાવો, હાથ-પગ સાંધામાં દુખાવો, વારંવાર તાવ આવવો, પગમાં ચાંદા થવા

વાપીઃ આજે 19 જૂને વિશ્વ સિકલ સેલ દિવસ છે. ત્યારે વલસાડ જિલ્લામાં મે 2026 સુધીમાં સિકલસેલ ડિસીસના 2,665 દર્દીઓ નોંધાયા છે, જ્યારે સિકલસેલ વાહક, ટ્રેઈટના 52,772 દર્દીઓ સરકારી ચોપડે નોંધાયા છે. જેમાં સૌથી વધુ 11,150 દર્દીઓ ધરમપુર તાલુકામાં નોંધાયા છે. જ્યારે સૌથી ઓછાં 1,032 દર્દી વાપી મહાનગર પાલિકા વિસ્તારમાં નોંધાયા છે. જિલ્લામાં 1908211ની વસ્તી છે, જે પૈકી 1089130 વસ્તી આદિજાતિની છે, જિલ્લામાં મે 2026 સુધીની કામગીરી જોઈએ તો જિલ્લાની કુલ 1009570 વસ્તીનું સ્ક્રીનીંગ કરાયું હતું. જેની ટકાવારી 92.70 ટકા થવા જાય છે. જેમાં સિકલસેલ ડીસીસના 2665 અને સિકલ સેલ વાહકનાં 52772 દર્દી નોંધાયા છે તેમ આરોગ્ય વિભાગે જણાવ્યું છે. નોંધનીય છે કે, વલસાડ જિલ્લામાં સિકલસેલ એનિમિયાનો સૌ પ્રથમ કેસ વલસાડ તાલુકાના વાંકલ ગામમાં રક્તદાન કેન્દ્રના ડો.યઝદી ઈટાલિયાના ધ્યાન પર આવ્યો હતો. ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ 2006થી સિકલસેલ નાબૂદી માટે પ્રયાસ આદર્યા હતા. સિકલ સેલ એનિમિયામાં રક્તકણ અલ્પજીવી હોવાથી અને નવા રક્તકણ પૂરતા પ્રમાણમાં બનતા ન હોવાથી દર્દીમાં એનિમિયા એટલે કે લોહીની ઉણપ જોવા મળે છે. આમ આકાર અને લક્ષણને ધ્યાનમાં લઈ આ સમસ્યાને શિકલસેલ એનિમિયા નામ આપવામાં આવ્યું.

### જિલ્લામાં સિકલ સેલ (રોગ) અને સિકલ સેલ વાહક દર્દીઓ

| તાલુકો | ડીસીસ | ટ્રેઇટ |
| --- | --- | --- |
| વલસાડ | 484 | 9571 |
| પારડી | 368 | 5197 |
| વાપી | 79 | 1032 |
| ઉમરગામ | 372 | 9683 |
| ધરમપુર | 602 | 11150 |
| કપરાડા | 335 | 8540 |
| નાનાપોંઢા | 425 | 7599 |

# સીએની પરીક્ષામાં વાપીના વિદ્યાર્થીઓએ સિધ્ધિ પ્રાપ્ત કરી

**દેશનું** કુલ પરિણામ ૧૪.૦૭ ટકા રહ્યું

વલસાડઃ વાપીના વિદ્યાર્થીઓએ સીએ ફાઈનલ પરીક્ષામાં સારું પ્રદર્શન કરીને શહેરનું નામ રોશન કર્યું છે. ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા (ICAI) દ્વારા જાહેર કરાયેલા ચાર્ટર્ડ એકાઉન્ટન્સી ફાઈનલ પરીક્ષાનાં પરિણામોમાં વાપી કેન્દ્રનું પરિણામ શ્રેષ્ઠ રહ્યું છે. આ સફળતા બદલ ધી વેસ્ટર્ન ઈન્ડિયા રીઝનલ કાઉન્સિલ (WIRC)ની વાપી બ્રાન્ચ દ્વારા તમામ સફળ ઉમેદવારોને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

આ વર્ષે વાપી શહેરમાં સાહિર અલીએ પ્રથમ ક્રમ મેળવીને સિટી ટોપર બનવાનું બહુમાન મેળવ્યું છે. જ્યારે દિયા જિતેન્દ્ર રેટીવાળા દ્વિતીય ક્રમે અને શુભ પીયૂષ કંસારા તૃતીય ક્રમે ઉત્તીર્ણ થયા છે. વાપી બ્રાન્ચના ચેરપર્સન સીએ દીપિકા ગુટગુટિયાએ તમામ નવા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સના અવિરત પરિશ્રમ, સમર્પણ અને ધૈર્યની પ્રશંસા કરતા જણાવ્યું હતું કે, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ બનવું એ માત્ર પરીક્ષા પાસ કરવા પૂરતું સીમિત નથી, પરંતુ તે શિસ્ત, ધીરજ અને અડગ નિશ્ચયની એક લાંબી સફર છે.

જો દેશવ્યાપી પરિણામની વાત કરીએ તો, આ વખતે ઓલ ઈન્ડિયા પાસિંગ પરસેન્ટેજમાં ગ્રુપ ૧નું પરિણામ ૧૨ ટકા અને ગ્રુપ ૨નું પરિણામ ૨૦.૪૯ ટકા નોંધાયું છે.

જ્યારે બંને ગ્રુપનું કુલ પરિણામ ૧૪.૦૭ ટકા રહ્યું છે. આ આંકડા દર્શાવે છે કે સીએ વ્યવસાયના ઉચ્ચ ધોરણોને પાર કરવા કેટલા પડકારજનક છે. આ કપરી પરીક્ષામાં સફળતા મેળવનારા તમામ ઉમેદવારોને વાપી બ્રાન્ચ દ્વારા ઉજ્જવળ કારકિર્દી માટે શુભકામના આપવામાં આવી હતી.

## બાયફના વાડી પ્રોજેક્ટથી આદિવાસી પરિવારોમાં પરિવર્તન

ધરમપુરઃ બાયફ (BAIF)ના વાડી પ્રોજેક્ટ અંતર્ગત પિંડવડમાં વાડી વિકાસ, આજીવિકા અને પર્યાવરણ સંરક્ષણ વિષયક કાર્યક્રમ યોજાયો હતો. જેમાં 310 જેટલા વાડી લાભાર્થીઓ, સી.આર.પી. અને પ્રોજેક્ટ સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતાં. મુખ્ય અતિથિ ડૉ. બી. સુચિન્દ્રા (ચીફ કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ, વલસાડ)એ વાડી પ્રોજેક્ટથી આદિવાસી પરિવારોના જીવનમાં આવેલા સકારાત્મક પરિવર્તન અંગે માર્ગદર્શન આપ્યું હતું. મહેમાનોએ વાડી મોડેલ ખેડૂતોની આવકમાં વધારો, જમીન સુધારણા, જળ સંરક્ષણ અને ટકાઉ આજીવિકા માટે અસરકારક હોવાનું જણાવ્યું હતું.કાર્યક્રમ દરમિયાન લાભાર્થીઓએ પોતાના અનુભવો રજૂ કરતાં જણાવ્યું હતું કે, બાયફ અને શેલ એનર્જી ઈન્ડિયા પ્રા. લિ.ના સહયોગથી ખેતીની ઉત્પાદકતા, આવક અને જીવનસ્તરમાં નોંધપાત્ર સુધારો થયો છે.